# મુદા નં. ૭૭
# નવી પંડીત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન) મંજુર કરવા બાબત

| | | |
|---|---|---|
| ૧ જોગવાઈ | : | બંધ થયેલ વ્યાજબી દુકાનની જગ્યાએ અથવા નવા વિસ્તારમાં નવી વ્યાજબી ભાવની દુકાન શરૂ કરવા માટે કલેકટરશ્રી દ્વારા દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપી અરજી મંગાવ્યાથી અરજીઓ રજુ કરવાની રહેશે. |
| ૨ અરજી કોને કરવી | : | સંબંધિત તાલુકાના મામલતદારશ્રીને, પરિશિષ્ટ – ૧/૭૭ મુજબ અરજી કરવી. |
| ૩ નિકાલ માટેના સત્તાધિકારી | : | જિલ્લા કલેકટરશ્રી |
| ૪ નિકાલની સમય મર્યાદા | : | મામલતદારશ્રી ૨૫ દિવસ<br>કલેકટરશ્રી ૨૫ દિવસ<br>કુલ... ૫૦ દિવસ |

**૦ અરજદારશ્રીએ અરજીમાં સંપુર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માંગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશ. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહી.**

## <u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.</u>

૧. સહકારી મંડળી, ટ્રસ્ટ કે સંસ્થા / સંઘ / સ્વ સહાય જૂથ હોય તો ચેરમેન, વાઈસ ચેરમેન, સેક્રેટરીના નામ, સરનામાની વિગતો (પરિશિષ્ટ – ૨/૭૭ મુજબ)

૨. અરજદાર ઓછામાં ઓછું રૂા.૧૦,૦૦૦/– નું રોકાણ કરી શકે તેમ છે તે અંગેની આર્થિક સધ્ધરતાનો બેંકનો દાખલો. (પરિશિષ્ટ – ૩/૭૭ મુજબ)

૩. ચારિત્ર્ય સંબંધે સંબંધિત પોલીસ સ્ટેશનનો દાખલો (પરિશિષ્ટ – ૪/૭૭ મુજબ)

૪. અરજદારને કોઈ કોર્ટ દ્વારા કોઈ પણ કાયદા હેઠળ સજા થયેલ છે? જો હા તો કોર્ટના ચુકાદાની નકલ અથવા જો ના તો સોગંદનામુ. (પરિશિષ્ટ – ૫/૭૭ મુજબ)

૫. નોંધણી પ્રમાણપત્ર બંધારણની નકલ (મુદ્દા નં.૧ના કિસ્સામાં લાગુ પડશે.)

૬. અરજદાર બીજી વ્યાજબી ભાવની દુકાન ધરાવતાં હોય તો તેના પરવાનાની નકલ.

૭. અરજદારશ્રી એસ.સી., એસ.ટી. કે બક્ષીપંચ જ્ઞાતિના હોય તો તે અંગેના જાતિ પ્રમાણપત્રની નકલ.

૮. અરજદારશ્રી શારીરીક ખોડ ખાંપણ ધરાવતા હોય તો તે અંગેના પ્રમાણપત્રની નકલ.

૯. અરજદારની જન્મ તારીખનો પુરાવો. (લીવીંગ સર્ટીફીકેટ)

૧૦. અભ્યાસ, શૈક્ષણિક લાયકાતનો પુરાવો

૧૧. અરજદાર શિક્ષિત બેરોજગાર હોવા અંગેના રોજગાર વિનિમય કચેરીના તેમજ સ્વ સહાય જૂથ હોવા અંગેની નોંધણી પ્રમાણપત્રની નકલ.

૧૨. અરજદારને કુટુંબના સભ્યોના નામે વ્યાજબી ભાવની દુકાન છે ? જો હા તો પરવાના ની નકલ.
૧૩. અરજદાર અન્ય કોઈ ચીજવસ્તુનો પરવાનો ધરાવે છે કે કેમ ? જો હા તો પરવાનાની નકલ.
૧૪. અરજદારને વેપાર અંગેનો કોઈ અનુભવ છે ? જો હા તો અનુભવનો દાખલો.
૧૫. જે વિસ્તાર માટે વ્યાજબીભાવની સરકાર માન્ય દુકાન અંગે અરજી રજુ કરેલ છે, તે વિસ્તારના અરજદાર સ્થાનિક રહીશ હોવા અંગેના પુરાવા તરીકે રેશનકાર્ડ ની નકલ / મતદાર યાદીની વિગત
૧૬. જે વિસ્તાર માટે વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન ખોલવાની છે તે વિસ્તારમાં (મ્યુ. કો. વિસ્તારમાં ૧૦૦, ૨૦૦ ફુટ અને તે સિવાયના વિસ્તારમાં ઓછામાં ઓછી ૨૦૦ ચો.ફુટ) અરજદારના કબજામાં માલિકીની કે ભાડાની ખરીદીનો દસ્તાવેજ, નગરપાલિકા, ગ્રામ પંચાયતનું આકારણી બીલ અથવા એલોટમેન્ટ લેટર, દુકાન ભાડે રાખેલ હોય તો ભાડા પહોંચ / કરાર અને ભાડે આપનારની માલિકીનો પુરાવો.

બાર કોડ સ્ટીકર
માટેની જગ્યા

# પરિશિષ્ટ :– ૧/૭૭
# નવી પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર મંજુર કરવા બાબત
# (ફકત શિક્ષિત બેરોજગાર / સ્વસહાય જૂથ માટે)

**અરજદારશ્રીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો**

**કોર્ટ ફી સ્ટેમ્પ રૂ.૩–૦૦**

નામ : ...............................
સરનામું: .............................
...............................
તારીખ: ...............................

પ્રતિ,
મામલતદારશ્રી,
.............................તાલુકો.
ક્રમનંબર .........................
(મામલતદાર ...............મારફત)

વિષય : પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન ) માટેન નું અરજી ફોર્મ

સંદર્ભ :

હું .....................................ગામે વ્યાજબી ભાવની દુકાન ખોલવા ઈચ્છુ છું મારી વિગત નીચે મુજબ છે.

(૧) અરજદારનું પુરેપુરૂં નામ :–
(૨) અરજદારની ઉંમર (જાહેરાતની તારીખે) :–
(૩) અરજદારની શૈક્ષણિક લાયકાતની વિગત :–

| ક્રમ | પાસ કરેલ પરીક્ષા | બોર્ડ / યુનિ. નું નામ | મેળવેલ ગુણ | કુલ ગુણ | મેળવેલ ટકા | પ્રથમ પ્રયત્ને પાસ કરેલ છે ધ્વિતીય પ્રયત્ને કરેલ તેની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | એસ.એસ.સી. | | | | | |
| ૨ | એચ.એસ.સી. | | | | | |
| ૩ | સ્નાતક | | | | | |
| ૪ | અનુસ્નાતક | | | | | |

(૪) અરજદારના રહેઠાણનું પુરેપુરૂં સરનામુ :–

(૫) જે જગ્યા વ્યાજબી ભાવની દુકાન ખોલવા અરજી કરી છે તેની વિગત :–
સ્થળ ................ ગામ ................. તાલુકો ........... જિલ્લો ..................

(૬) અરજદાર :–

(૧) શિક્ષિત બેરોજગાર છે ? પુરુષ/સ્ત્રી
(જરૂરી આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે)

(૨) અનુસૂચિત જનજાતિની વ્યકિત છે ? (હા કે ના)

(૩) અનુસૂચિત જાતિની વ્યકિત છે ? (હા કે ના)

(૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (બક્ષીપંચ) ની વ્યકિત છે? (હા કે ના)

(૫) શારીરિક ખોડ ખાંપણ ધરાવતી વ્યકિત છે ? (હા કે ના)

(૬) સામાન્ય સંવર્ગની વ્યકિત છે ?
(લાગુ પડતી વિગત માટે આધારભૂત પુરાવા અરજી સાથે રજુ કરવાના રહેશે)
(હા કે ના)

(૭) જે વિસ્તારમાં વ્યાજબી ભાવની દુકાન ખોલવાની છે તે વિસ્તારમાં ઓછામાં ઓછી ૨૦૦ ચો.ફુટ જગ્યા ધરાવતી દુકાન–મકાન ધરાવતાં હોય તો તેની વિગત
(આધારભૂત પુરાવા સાથે બીડવા)

(૮) વ્યાજબી ભાવની દુકાનના સંચાલન માટે :–
ઓછામાં ઓછી રૂા. ૧૦,૦૦૦/–ની મુડી ધરાવો છો કે કેમ ? જો હા તો
(આધારભૂત પુરાવા સાથે બીડવા)

(૯) અગાઉ વ્યાજબી ભાવની દુકાન ધરાવતાં હતા કે કેમ ? જો હા તો

અ. દુકાનનું સ્થળ ..................................
ગામ .................................
તાલુકો ..................................
જિલ્લો .................................

બ. અધિકૃત પત્ર નંબર તથા તારીખ :–

ક. દુકાન શરૂ કર્યાની તારીખ :–

ડ. દુકાન બંધ કર્યાની તારીખ :–

ઈ. બંધ થવાના વિગતવાર કારણો :–

(૧૦) આવશ્યક ચીજવસ્તુ ધારા, ૧૯૫૫ હેઠળ અથવા અન્ય લાયસન્સીગ આદેશ હેઠળ અરજદાર અગાઉ ન્યાયકોર્ટમાં દોષિત ઠર્યા કે કેમ ? અથવા તેના સામે ખાતાકીય રાહે પગલાં લેવાયા છે કે કેમ ? જો હા તો તેની વિગતો આપવી. :–

(૧૧) રાજયના અન્ય કોઈ કાયદા વિગેરે અન્વયે આપની સામે કોઈ સમયે કોર્ટ રાહે પગલાં લેવામા આવેલ હોય તો તેની વિગતો આપવી. થયેલ શિક્ષાની માહિતી આપવી. :–

(૧૨) અરજદારે પોતે અથવા તેમના કુટુંબની કોઈ વ્યકિત હાલ કોઈ જગ્યાએ વ્યાજબી ભાવની દુકાન ધરાવતી હોય તો તેનું

નામ...................................

અરજદાર સાથેનો સબંધ :–

દુકાનનું સ્થળ................................

ગામ ................................

તાલુકો ................................

જિલ્લો ................................

(૧૩) અરજદારનો અન્ય વ્યવસાય છે કે કેમ ?
જો હોય તો વ્યવસાયનું સ્થળ તથા વિગત.

(૧૪) અરજદાર ભારતીય નાગરિક છે ?

(૧૫) અરજદાર સહકારી મંડળી / સ્વ સહાય જૂથ હોય તો,

૧. સ્થાપના તારીખ :

૨. નોંધણી રજીસ્ટર નંબર :

૩. મંડળીના પેટા નિયમમાં આવી દુકાન ચલાવાવની જોગવાઈ કરવામા આવે છે કે કેમ ?

૪. કાર્યક્ષેત્રનો વિસ્તાર

૫. સહકારી મંડળીના / સ્વ સહાય જૂથના કાર્યાલયનુ પુરેપુરૂં નામ :

૬. કયા પ્રકારની સહકારી મંડળી છે તે સ્પષ્ટ દર્શાવવું :

૭. સહકારી મંડળીનો એફીડેવીટ વર્ગ : (આધારભૂત પુરાવા સાથે બીડવા )

સ્થળ :

તારીખ :

________________________________

(અરજદારની સહી /નામ /અંગુઠાનુ નિશાન)

નોંધ :

(૧) અરજદારની ઉંમર વર્તમાનપત્રમાં જાહેરાત આપ્યાની તારીખે ૧૮ વર્ષ થી ઓછી હોવી જોઈએ નહી.

(૨) અરજદારની ઉંમર વર્તમાનપત્રમાં જાહેરાત આપ્યાની તારીખે ૩૫ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહી.

(૩) અરજદાર શિક્ષિત બેરોજગાર છે / સ્વ સહાય જૂથ છે તે સબંધમા જરૂરી આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે.

**જાહેરાત**

આથી હું.........................................................................................
પ્રતિજ્ઞાપુર્વક જણાવુ છું કે, ઉપર આપેલી માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. હું પોતે જ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન)નું સંચાલન કરીશ. અમો ભાગીદારી પેઢી નથી. મેં કરારનામાની શરતો વાંચી છે જે અમોને માન્ય છે.

સ્થળ :
તારીખ : ..........................................................
(અરજદારની સહી / નામ / અંગુઠાનુ નિશાન)

**–:એકરાર:–**

**અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં તમામ વિગતો / હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજ રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાય ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.**

..........................................................
**(અરજદારની સહી / નામ / અંગુઠાનું નિશાન)**

**<u>પરિશિષ્ટ – ૨ સાથે જોડવાની સુચનાઓ :–</u>**

પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન) મેળવવા માટેની અરજી નિયત નમુનામાં કરવાની રહેશે. નિયત સમય મર્યાદા બહાર મળેલી અરજી રદબાતલ ગણાશે. આ સંબંધે નીચે સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

૧. જરૂરી આધાર પુરાવા સર્ટીફીકેટ ન બીડેલા હોય તેવી અરજીઓ રદ ગણવામા આવશે. અને એ બાબતમાં કોઈ રજુઆત ધ્યાનમાં લેવામા આવશે નહી.
૨. અરજી પત્રક અરજદારે જાતે જ ભરવાનું રહેશે અને તેમા પોતે જ સહી કરવાની રહેશે.
૩. અરજી ઉપર રૂા. ૩–૦૦ ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે.
૪. અરજી, જરૂરી તમામ વિગતો સાથે સંબંધકર્તા અધિકારીની કચેરીમાં સમય મર્યાદામાં પહોંચતી કરવાની જવાબદારી જે તે અરજદારની રહેશે.
૫. જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી વય હોય તેવા અને ૩૫ વર્ષથી વધુ વર્ષ ન હોય તેવા અરજદારો અરજી કરી શકશે નહી.
૬. એક જ કુટુંબની વ્યકિતઓને એક થી વધારે વ્યાજબી ભાવની દુકાન મળી શકશે નહી. અરજદારને અન્ય કોઈ વ્યાજબી ભાવની દુકાનમાં ભાગીદાર હશે તો વ્યાજબી ભાવની દુકાન મળી શકશે નહી. (કુટુંબમાં માતા–પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી તથા એક જ રસોડે જમતી બધી વ્યકિતઓનો સમાવેશ થાય છે.)
૭. વ્યાજબી ભાવની દુકાનનુ સંચાલન અરજદારે જાતેજ કરવાનુ રહેશે. મુખત્યારનામા ઉપર કે અન્ય કોઈ રીતે દુકાન ચલાવવા કોઈને આપી શકાશે નહી. દુકાન સંચાલનની સઘળી જવાબદારી જેમને નામે દુકાન મંજુર થયેલ હોય તેની રહેશે.
૮. ભાગીદારી પેઢીના નામે વ્યાજબી ભાવની દુકાન મંજુર કરવામા આવશે નહી.
૯. વ્યાજબીભાવની દુકાન મંજુર કરાયા બાદ તે ભાગીદારી પેઢીના નામે કે અન્ય કોઈના નામે ફેરવી શકાશે નહી.

૧૦. સંભવિત દુકાનની જગ્યા ઓછામાં ઓછી ૨૦૦ ચો.ફુટ હોવી જોઈએ અને દુકાનનું બાંધકામ સુધારાવાળા શહેરોમાં પાકુ હોવું જોઈએ. દુકાનના મકાનની માલિકી અરજદારની પોતાની હોવી જોઈએ અથવા ભાડાની હોય તો ભાડાનો કરાર અને પહોંચ હોવા જોઈએ અને તેનુ સર્મથન કરતાં બીડાણો અરજી સાથે સામેલ કરવાના રહેશે. મોટા શહેરો જેવા કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, સુરત, શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર તેમજ તેના ૩(ત્રણ) કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં ઓછામા ઓછી ૧૦૦ ચો. ફુટની જગ્યા પોતાની માલિકીની અથવા ભાડાની હોવી જોઈએ.

૧૧. અરજદારે દુકાનના સંચાલન માટે ઓછામાં ઓછી રૂા. ૧૦,૦૦૦/–ની રકમનું રોકાણ કરવા શકિતમાન હોવા અંગેની ખાતરી કરાવતું બીડાણ અરજી સાથે સામેલ કરવાનુ રહેશે. અને તે રીતે અરજદારના દુકાનના સંચાલન માટે આર્થિક રીતે સધ્ધર છે કે નહી તે હકીકતને વિચારણામાં લેવાની રહેશે.

૧૨. અરજદારે દુકાન મંજુર થતા સુધરાઈની મંજુરી તેમજ શોપ એસ્ટાબ્લીશમેન્ટ અને અન્ય કાયદેસરના પ્રમાણપત્રો, જરૂરીયાત મુજબ મેળવી લેવાના રહેશે.

૧૩. અરજદારને જાહેરાતની તારીખ પહેલાં પાંચ વર્ષ દરમ્યાન કોઈ અસામાજીક, ગેરકાનુની કે અનૈતિક પ્રવૃત્તિઓના કોઈ ગુના સબબ શિક્ષા કે સજા થયેલી હોવી જોઈએ નહી અને જો પ્રવૃત્તિઓ માટે શિક્ષા થયેલી હશે તો તેની અરજી વિચારણામાં લેવાશે નહી તેમ છતાં ગમે તે રીતે આ હકીકત છુપાવીને દુકાન મંજુર થયા બાદ તેની જાણ થશે તો વ્યાજબી ભાવની દુકાન માટે અપાયેલ મંજુરી રદ કરવાને પાત્ર થશે.

૧૪. શિક્ષિત બેરોજગારને પ્રથમ અગ્રતાક્રમ આપવામાં આવશે. (શિક્ષિત બેરોજગાર એટલે કે ઓછામા ઓછુ એસ.એસ.સી કે તેની સમકક્ષ પરીક્ષા ઉત્તીર્ણ કરનાર કોઈ પણ પ્રકારની નોકરી કે વ્યવસાય ન ધરાવતાં તેમજ કોઈ પણ જાતની આવક ન ધરાવતાં ૧૮ થી ૩૫ વર્ષની અંદરના ઉમેદવાર)

૧૫. વ્યાજબી ભાવની દુકાનો ફકત સ્થાનિક – શિક્ષિત બેરોજગારને જ પૂરક રોજગારી તરીકે મંજુર કરવામાં આવશે.

૧૬. સર્વ પ્રથમ જે ગામમા ૫૦% અથવા વધારે અનુસૂચિત જનજાતિની વસ્તી છે તેવા ગામોમાં ફકત અનુસૂચિત જનજાતિના શિક્ષિત બેરોજગારને વ્યાજબી ભાવની દુકાન મંજુર કરવાની રહેશે. જયારે તે સિવાયના વિસ્તારોમાં નીચે પ્રમાણેની ટકાવારી પ્રમાણે ફાળવણી કરવામાં આવશે.

(૧) અનુસૂચિત જાતિના બેરોજગાર ઉમેદવારોને ૭(સાત) % જેટલી દુકાનો ફાળવવામા આવશે.

(૨) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચના) ઉમેદવારોને ૨૭% જેટલી દુકાનો ફાળવવામાં આવશે.

(૩) આ બે ટકાવારી પુર્ણ થયા પછી તથા ૫૦% કરતાં પણ વધુ અનુસૂચિત જનજાતિના વસ્તીવાળા ગામોને પૂર્ણ થયા પછી બાકી રહેતા ગામો માટે અન્ય વર્ગના શિક્ષિત બેરોજગારને વ્યાજબી ભાવની દુકાનો ફાળવવામાં આવશે.

(૪) શારીરિક ખોડ ખાંપણવાળી વ્યકિતઓને ૩(ત્રણ) ટકા પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવામાં આવશે.

(૫) ઉકત ટકાવારી માટે તાલુકામાં ખોલવાપાત્ર દુકાનોની સંખ્યાને એક યુનિટ તરીકે ધ્યાનમાં રાખીને ટકાવારીનો અમલ કરવામાં આવશે.

(૬) આ નવી નિતી મુજબની ટકાવારી તા. ૩૦/૦૪/૨૦૦૨ પછી નવી મંજુર થનાર દુકાનોને જ લાગુ પડશે. તેમા હાલની કાર્યરત દુકાનોના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ કે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના દુકાન ધરાવનારાઓની સંખ્યા ને ધ્યાનમા લેવામા આવશે નહી.

(૭) ઉપર જણાવેલ ક્રમ ૧ થી ૫ની કક્ષામાં યોગ્ય શિક્ષિત બેરોજગાર ઉમેદવાર ઉપલબ્ધ થાય નહિ તો નીચે મુજબની સહકારી મંડળીઓને વિચારણામાં લઈ શકાશે. વિચારણામાં લેવામાં આવનાર સહકારી મંડળીનું રજીસ્ટ્રેશન જાહેરાત ની તારીખથી ત્રણ વર્ષ પહેલા થયેલું હોવુ જોઈએ. તેમજ સદરહુ મંડળી ઓડીટ વર્ગ "અ" અથવા "બ" વર્ગ ધરાવતી હોવી જોઈએ. આવી સહકારી મંડળીને માત્ર એક દુકાનની ફાળવણી કરી શકાશે અને જો આવી મંડળી વ્યાજબી ભાવની દુકાન ધરાવતી જ હશે તો બીજી દુકાનની ફાળવણી કરી શકાશે નહી.

(૧) સહકારી મંડળીઓ :–

(ક) વિવિધ કાર્યકારી સહકારી મંડળી / કેરોસીન ફેરીયાની સહકારી મંડળી,
(ખ) પછાત વર્ગની સહકારી મંડળી,
(ગ) આઝાદીના લડવૈયાઓની સહકારી મંડળી,
(ઘ) માજી સૈનિકની સહકારી મંડળી,
(ચ) મહિલા સહકારી મંડળી,
(છ) ઈતર સહકારી મંડળી,
(જ) આદિવાસી વિસ્તારમાં સહકારી મંડળીમા આદિવાસીઓની બહુમતી હોય તો તેવી સહકારી મંડળીને આ કક્ષામાં પ્રથમ અગ્રતાક્રમ આપવાનો રહેશે. પરંતુ તેવી મંડળી ઓડીટ "અ" અથવા "બ" ધરાવતી હોવી જોઈશે ઉપરાંત આર્થિક સધ્ધરતા અને તેની સર્વગ્રાહી કામગીરીમાં કશું વાંધાજનક કે ઉણપો હોવી જોઈએ નહી.

(૮) દુકાન મંજુર કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રીને છે.

(આ સુચનાઓ અરજદારે પોતાની પાસે રાખવી. અરજી સાથે બીડવી નહી.)

# પરિશિષ્ટ – ૨/૭૭
# ચેરમેન /વાઈસ ચેરમેન, સેક્રેટરીના નામ સરનામાની વિગત

સંસ્થાનુ નામ :–
સ્થળ :–
અરજી નંબર :–

| ક્રમ | નામ | હોદ્દો | રહેઠાણનું સરનામું | ટેલીફોન નંબર | |
|---|---|---|---|---|---|
| | | | | કચેરી | ઘર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

સ્થળ :
તારીખ :

સંસ્થાના સંચાલકની સહી
નામ :–
હોદ્દો :–
સંસ્થાનો સિક્કોઃ–

## પરિશિષ્ટ – ૩/૭૭
## આર્થિક સધ્ધરતા માટે બેંકનો દાખલો

બેંકનુ નામ :–
સ્થળ :–

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી..........................................
રહે.................................................................................
આ બેંકમા કરન્ટ /સેવિંગ ખાતા નં......................... ધારણ કરે છે. તા................ ના
રોજ આ ખાતામાં બંધ જમા રકમ રૂા. ......................... (અંકે રૂપિયા ....................
..............................) છે.

સદરહુ ખાતેદારે આ બેંકમાં તા. .........................ના રોજ રીસીપ્ટ નં............
થી રૂા............................ (અંકે રૂપિયા .......................................)ની
................વર્ષ માટે થાપણ મુકેલ છે.

સ્થળ :–
તારીખ :–

મેનેજરની સહી :–
નામ :–
બેંકનો સિક્કો :–

## પરિશિષ્ટ – ૪/૭૭
## ચારિત્ર અંગેનો દાખલો

આથી દાખલો આપવામા આવે છે કે, શ્રી ..................................................
રહે..........................................................................................સંબંધે
અત્રેના પોલીસ સ્ટેશનના રેકર્ડ ઉપરથી ખાત્રી કરતાં તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી કે તેઓને કોઈ સજા / દંડ થયેલ નથી.

સ્થળ :–
તારીખ :–

પોલીસ ઈન્સપેકટરની સહી:–
નામ :–
પોલીસ સ્ટેશનનો સિક્કો :–

## પરિશિષ્ટ – ૫ /૭૭

## અરજદારને કોઈ કોર્ટ દ્વારા કોઈ પણ કાયદા હેઠળ સજા થયેલ છે ? જો હા તો કોર્ટના ચુકાદાની નકલ અથવા જો ના તો સોગંદનામુ.

**(રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ કરવાનુ રહેશે.)**

હું........................................................ ઉ.વ......................

ધંધો...................................રહે...............................................

........................મારા ધર્મના સોગંદ ઉપર જણાવુ છુ કે,

ભારત દેશના કોઈ પણ રાજયની કોઈ પણ કોર્ટ દ્વારા આવશ્યક ચીજવસ્તુઓને લગતા કે અન્ય કોઈ પણ પ્રકારના ગુન્હા માટે હું દોષિત ઠરેલ નથી. જેલ અથવા બંને શિક્ષા થઈ શકે તેવા કોઈ પણ પ્રકારના ગુન્હામા હું સંડોવાયેલ નથી કે આવા કોઈ પણ ગુન્હાની મારી વિરૂધ્ધમાં તપાસ ચાલતી નથી.

મારે .........................................................નામે પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન) મેળવવા માટે અરજી કરવાની હોઈ, આ અરજી સાથે મામલતદારશ્રી .................................... તાલુકો ................ને સોગંદનામુ રજુ કરવાનુ હોઈ, આ સોગંદનામુ કરેલ છે.

ખોટું સોગંદનામુ કરવાથી ફોજદારી ગુન્હો બને છે તેની મને જાણ છે.

સોગંદનામામાં જણાવેલ તમામ હકીકત સાચી અને ખરી છે.

સ્થળ :

તારીખ : ––––––––––––––––––––––––––––

સોગંદનામુ કરનારની સહી / નામ

# ચેકલીસ્ટ (મુદા નં.૭૭)
# નવી પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન) ની અરજી બાબત ( અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે)

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ. નં | વિગત | હા / ના લાગુ પડતું નથી. | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજીપત્ર (પરિશિષ્ટ–૧/૭૭) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે ? | | |
| ૩ | સહકારી મંડળી, ટ્રસ્ટ કે સંસ્થા / સંઘ હોય તો ચેરમેન, વાઈસ ચેરમેન, સેક્રેટરીના નામ સરનામાની વિગતો (પરિશિષ્ટ – ૨/૭૭) | | |
| ૪ | બેંકનો આર્થિક સધ્ધરતાનો દાખલો (પરિશિષ્ટ – ૩/૭૭) | | |
| ૫ | ચારિત્ર્ય સબંધે સબંધિત પોલીસ સ્ટેશનનો દાખલો (પરિશિષ્ટ–૪/૭૭) | | |
| ૬ | અરજદારને કોઈ કોર્ટ દ્વારા કોઈ પણ કાયદા હેઠળ સજા થયેલ છે ? જો હા તો કોર્ટના ચુકાદાની નકલ અથવા જો ના તો સોગંદનામું (પરિશિષ્ટ – ૫/૭૭) | | |
| ૭ | નોંધણી પ્રમાણપત્ર બંધારણની નકલ | | |
| ૮ | અરજદાર બીજી વ્યાજબી ભાવની દુકાન ધરાવતા હોય તો તેના પરવાનાની નકલ | | |
| ૯ | અરજદારની જાતિ અંગેનું પ્રમાણપત્ર | | |
| ૧૦ | અરજદારશ્રી શા.ખો.ખાં. ધરાવતા હોય તો તે અંગેનું પ્રમાણપત્ર | | |
| ૧૧ | અરજદારની જન્મ તારીખનો પુરાવો | | |
| ૧૨ | અભ્યાસ / શૈક્ષણિક લાયકાતનો પુરાવો | | |
| ૧૩ | અરજદાર શિક્ષિત બેરોજગાર હોવા અંગેના રોજગાર વિનીમય કચેરીના નોંધણી પ્રમાણપત્ર | | |
| ૧૪ | અરજદારના કુટુંબના સભ્યોના નામે વ્યાજબી ભાવની દુકાન છે ? જો હા તો પરવાનાની નકલ | | |
| ૧૫ | અરજદાર અન્ય કોઈ ચીજવસ્તુ નો પરવાનો ધરાવે છે કે કેમ ? જો હા તો પરવાનાની નકલ | | |
| ૧૬ | અરજદારને વેપાર અંગેનો કોઈ અનુભવ છે ? જો હા તો અનુભવ નો દાખલો. | | |
| ૧૭ | સ્થાનિક રહિશ હોવા અંગેના પુરાવા તરીકે રેશનકાર્ડની નકલ | | |
| ૧૮ | ધંધાના સ્થળના પુરાવા | | |
| ૧૯ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે? | | |

**સ્થળ :–** ......................................

**તારીખ :–** **(અરજદારની સહી/નામ /અંગુઠાનું નિશાન)**

**ખાસ નોંધ :** **ચેકલીસ્ટ કોલમ નં.૩ માં "હા/ના અથવા લાગુ પડતુ નથી" તેમ સ્પષ્ટ દશાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

**અરજીપત્રક સ્વીકાર્યુ**

......................................

**જન સેવા કેન્દ્ર ફરજ પરના**

**કર્મચારીની સહી / નામ / સિક્કો / તારીખ**

## મુદ્દા નં.૭૭

## નવી પંડીત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન) મંજુરી આપવા નાયબ મામલતદાર (પુરવઠા / સર્કલ ઓફીસર)એ ચકાસણી કરવાના મુદ્દાનું ચેકલીસ્ટ.

| | | |
|---|---|---|
| ૧ | માંગણીદારનું નામ / સરનામું | |
| | (૧) ગામ | |
| | (૨) તાલુકાનું નામ | |
| ૨ | ધંધો કરવાના સ્થળનું નામ / સરનામું | |
| ૩ | ધંધાના સ્થળની માહિતી | |
| | (૧) ઘર નંબર | |
| | (૨) જમીનની વિગત | |
| | (૩) સ્થળ અંગેની રૂબરૂમાં ચકાસણી | |
| ૪ | અરજદાર ઓછામાં ઓછા રૂા.૧૦,૦૦૦/- નું રોકાણ કરી શકે તેમ છે તે અંગેની આર્થિક સધ્ધરતાનો બેંકનો દાખલો. | |
| ૫ | માંગણીદારના શૈક્ષણિક લાયકાતનો પુરાવો | |
| ૬ | ચારિત્ર્ય સબંધી સબંધિત પોલી સ્ટેશનનો દાખલો | |
| ૭ | અરજદારને કોઈ કોર્ટ ધ્વારા કોઈપણ કાયદા હેઠળ સજા થયેલ છે ? | |
| ૮ | નોંધણી પ્રમાણપત્ર બંધારણની નકલ. | |
| ૯ | રેશન કાર્ડની નકલ | |
| ૧૦ | જ્ઞાતિ અંગેનું સર્ટીફીકેટ | |
| ૧૧ | જે વિસ્તાર માટે વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન ખોલવાની છે તે વિસ્તારમાં (મ્યુ.કોર્પો. વિસ્તારમાં ૧૦૦, ૨૦૦ ફુટ અને તે સિવાયના વિસ્તારમાં ઓછામાં ઓછા ૨૦૦ ચો.ફુટ) અરજદારના કબજામાં માલિકીના કે ભાડાની ખરીદીનો દસ્તાવેજ નગરપાલિકા / ગ્રામ પંચાયતનું આકારણી બીલ અથવા એલોટમેન્ટ લેટર, દુકાન ભાડે રાખેલ હોય તો ભાડા પહોંચ / કરાર અને ભાડે આપનારની માલિકનો પુરાવો. | |
| ૧૨ | અરજદાર અન્ય કોઈ ચીજવસ્તુનો પરવાનો ધરાવે છે કે કેમ ? જો હા તો પરવાનાની નકલ. | |
| ૧૩ | તપાસણી અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય. | |

સહી.

## મુદ્દા નં.૭૭
## નવી પંડીત દીનદયાળ ગ્રાહક ભંડાર (વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન) મંજુરી આપવા નાયબ મામલતદાર (પુરવઠા / સર્કલ ઓફીસર)એ ચકાસણી કરવાના મુદ્દાનું ચેકલીસ્ટ.

| | | |
|---|---|---|
| ૧ | માંગણીદારનું નામ / સરનામું | |
| | (૧) ગામ | |
| | (૨) તાલુકાનું નામ | |
| ૨ | ધંધો કરવાના સ્થળનું નામ / સરનામું | |
| ૩ | ધંધાના સ્થળની માહિતી | |
| | (૧) ઘર નંબર | |
| | (૨) જમીનની વિગત | |
| | (૩) સ્થળ અંગેની રૂબરૂમાં ચકાસણી | |
| ૪ | માંગણીદારના રહેઠાણ અને શૈક્ષણિક લાયકાત | |
| ૫ | નોંધણી પ્રમાણપત્ર બંધારણની નકલ. | |
| ૬ | જે વિસ્તાર માટે વ્યાજબી ભાવની સરકાર માન્ય દુકાન ખોલવાની છે તે વિસ્તારમાં (મ્યુ.કોર્પો. વિસ્તારમાં ૧૦૦, ૨૦૦ ફુટ અને તે સિવાયના વિસ્તારમાં ઓછામાં ઓછા ૨૦૦ ચો.ફુટ) અરજદારના કબજામાં માલિકીના કે ભાડાની ખરીદીનો દસ્તાવેજ નગરપાલિકા / ગ્રામ પંચાયતનું આકારણી બીલ અથવા એલોટમેન્ટ લેટર, દુકાન ભાડે રાખેલ હોય તો ભાડા પહોંચ / કરાર અને ભાડે આપનારની માલિકનો પુરાવો. | |
| ૭ | સરકારશ્રીના નિયમો મુજબ માંગણી વ્યાજબી છે તેનો સ્પષ્ટ અભિપ્રાય. | |

**સહી.**